મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૩૬ ટકા
ગાંધીનગર તાપમાન

પેથાપુર ગામમાં ગંદકીને કારણે અવર-જવરમાં ભારે હાલાકી

ગાંધીનગર, તા.૩

એક બાજુ સ્વચ્છ ભારત અભિયાન ચાલી રહ્યું છે ને બીજી બાજુ પાટનગરના પેથાપુર ગામમાં ગંદકી એ માજા મૂકી છે. પેથાપુર જીઈબી કૉલોની પાછળ આવેલા ફ્લેટની આસપાસ કચરાપેટી ન હોવાથી ત્યાંના રહીશો રોડની બાજુ પર જ કચરો ઠાલવીને ગંદકીમાં વધારો કરી રહ્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એકાદ વાર સફાઈ કરાવાય છે. પરંતુ વારંવાર ગંદકીમાં વધારો જ થાય છે તેમજ વાહન ચાલકો દ્વારા કચરાને છુટ્ટો જ નાખવામાં આવતો હોવાથી કચરાનો વધુ ફેલાવો થાય છે. ગંદકીને કારણે ગાય અને ભૂંડ રસ્તા વચ્ચે જ ઉભા રહે છે અને વાહનચાલકોને હાલાકી વેઠવી પડે છે. આ ઉપરાંત ત્યાં ગટર પણ વારંવાર ઉભરાતી હોવાથી ગંદા પાણીના કારણે દુર્ગંધ આવે છે. પેથાપુરમાં આવી ગંદકી એક જગ્યાએ નહિ પરંતુ ઠેર ઠેર જોવા મળે છે. કચરાપેટી પણ નથી મુકાતી અને ત્યાંના રહીશો રોડની બાજુમાં કચરો નાખીને ગંદકીમાં વધારો કરી રહ્યા છે.

પાટનગરમાં નાના વાહનોમાં મોટા માલસામાનની જોખમી હેરફેર

ગાંધીનગર, તા.૩

સ્માર્ટ સિટી વધુ સ્માર્ટ બનાવવાની કામગીરી ચાલી રહી છે ત્યારે રિક્ષાચાલકોને ટ્રાફિકના નિયમો અસર કરતા નથી તેવું વર્તાઈ રહ્યું છે. મોટા લાંબા સળિયા ભરીને જતી રિક્ષાઓ ગમે ત્યારે અકસ્માતનું કારણ બની શકે છે. ઉપરાંત રિક્ષાચાલકો સિગ્નલ બંધ થતાં ડાબી બાજુના ચાલુ સિગ્નલ પર ઊભા રહીને અડચણ ઊભી કરે છે. આવા અડચણ ઊભી કરતા અને ક્ષમતા કરતા વધુ સમાન લઈ જતા વાહનો પર લગામ જરૂરી છે.

સામાજિક વ્યવહાર પરિવર્તન દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ વિશે માહિતી આશા બહેનોને અપાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આદરજ મોટી ખાતે રાજ્ય કક્ષાના આઈસી ઓફિસર ડૉ.સુરેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આશા બહેનો સાથે મીટિંગ કરવામાં આવી હતી અને તમામ બહેનોને સરકારના ચાલતા રાષ્ટ્રીય કાર્યક્રમની માહિતી આપી હતી અને આ વિવિધ કાર્યક્રમનું પ્રચાર પ્રસાર વિશેની માહિતી આપી હતી. ઉપરાંત એસબીસીસી વિશેની માહિતી આપી અને સામાજિક વ્યવહાર પરિવર્તન દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ લોકો સુધી પહોચાડવા વિશેની માહિતી આપવામાં આવી હતી.

ગુજરાત સમર્પણ આશ્રમ ખાતે સ્વામીજીના સાનિધ્યમાં પૂર્ણિમાના દિવસે નિઃશુલ્ક ધ્યાનયોગ દર્શન શિબિર યોજાશે

ગાંધીનગર.તા.૦૩

વૈચારિક પ્રદૂષણની વચ્ચે માનવ સમાજ આત્મશાંતિ ગૂમાવી ચૂક્યો છે. આવા તનાવપૂર્ણ સમયે જીવનને સંતૂલિત કરવા ધ્યાનયોગ મહત્વપૂર્ણ બની શકે છે. આધ્યાત્મિક તેમજ સર્વાંગીણ ઉન્નતિના શુભાશયથી ગુજરાત સમર્પણ આશ્રમ, અનોડિયા રોડ, મહુડી ખાતે પરમ પૂજ્ય સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીના સાનિધ્યમાં આગામી તા. ૦૬-૦૪-૨૦૨૩, ગુરૂવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે વિશાળ જન સામુહિકતામાં હિમાલય ધ્યાન યોગ દર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ.પૂ. શ્રી શિવકૃપાનંદ સ્વામીજીએ ૪૦ વર્ષની કઠોર સાધના અને અથાક પરિશ્રમથી સમર્પણ ધ્યાન યોગની શરૂઆત કરી. હિમાલયન ધ્યાન એક જીવંત અનુભૂતિ આધારિ સરળ ધ્યાન સંસ્કાર છે જેનો લાભ આપને તથા આપના પરિવારને લેવા ભાવભર્યું નિમંત્રણ છે. આ મહાધ્યાન દર્શન શિબિરનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે. તો આ મહાધ્યાનમાં જોડાવવા ઈચ્છતા દરેકને આમંત્રણ પાઠવ્યું છે.

સે-૨૧ જૈન દેરાસરમાં મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩

આજે શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન દેરાસર, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે શ્રી મહાવીર સ્વામી ભગવાનનો ૨૬૨૨ મો "જન્મ કલ્યાણક મહોત્સવ" ઉજવવામાં આવ્યો. મહાવીર જયંતિ નિમિત્તે ગાંધીનગર દિગંબર જૈન સમાજ ધ્વારા સવારે ૮:૦૦ કલાકે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ક્લાસનો શુભારંભ

આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર દ્વારા ઉત્તર ગુજરાતના ૬ જિલ્લાઓમાં વિવિધ સેવાકીય કાર્યો થઈ રહ્યા છે. ધોરણ ૧૦ અને ૧૨ પરીક્ષા આપ્યા બાદ વિદ્યાર્થીઓ અંગ્રેજી શિક્ષણ, વ્યક્તિત્વ ઘડતર માટેની તાલીમ તેમજ ઉચ્ચ અભ્યાસ માટે માર્ગદર્શન મેળવી જીવનમાં પ્રગતિ કરે તે માટે ક્લાસ શરુ કરવામાં આવેલ છે. તાલીમની શરૂઆત કરતા આર્ચબીશપ થોમાસ મેકવાન હાજર રહ્યા હતા. સોશિયલવર્ક ડાયરેક્ટર તેમજ યુથ ડાયરેક્ટર ફાધર ઝેવિયર જેમ્સની દેખરેખમાં બ્રધર અને સિસ્ટરને સાથે રાખી ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓ સ્પોકન ઈંગ્લીશ કોર્ષમાં સહભાગી થયા છે.

સોમવાર એટલે દેવો ના દેવ મહાદેવ નો દિવસ.. ગાંધીનગર નજીક અને સાબરમતી નદીના સાનિધ્યમાં આવેલ પૌરાણિક ધોળેશ્વર મહાદેવને ફૂલોનો સુંદર શણગાર કરવામાં આવ્યો હતો. ભક્તો આ સુંદર શૃંગારના દર્શન કરી ભવ્યતા અનુભવતા હોવાનું મનહરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

સે-૨૪ યુરોકિડ્સ પ્રી સ્કૂલ ખાતે ફન્ટાસ્ટિક ચિત્ર સ્પર્ધા

ગાંધીનગર, તા.૩

તાજેતરમાં સેક્ટર-૨૪ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી ફન્ટાસ્ટિક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનું સંપૂર્ણ સંકલન મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ રંગોથી પોતાની કલા તથા આવડત વડે પોતાની કૃતિ તૈયાર કરી હતી. સ્પર્ધામાં સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપીસ્ટનાં નિષ્ણાંત ડૉ. નિધિ લેકિનવાલા અને યુવા કથાકાર પાર્થ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા તથા એમના હસ્તે ભાગ લેનાર દરેક સ્પર્ધકોને ટ્રોફી અને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. યુરોકિડ્સ પ્રી. સ્કૂલનાં સંચાલક પુનિત શર્મા, આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગર અને કેશર ફાઉન્ડેશનના અનિલ પ્રજાપતિએ દરેક સ્પર્ધકોને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી તથા સ્પર્ધાને સફળ બનાવવા માટે દિવ્યા સોલંકી દ્વારા જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર જિલ્લાના ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આશા બહેનો સાથે મિટિંગ કરવામાં આવી હતી. જેમાં જીલ્લા આરોગ્ય કચેરી જીલ્લા પંચાયત ખાતેથી જીલ્લા એસબીસીસી ટીમના ડૉ.નેહલ ગજેરા અને કેયુર જયસ્વાલ દ્વારા તમામ આશા બહેનોને સર્વત્ર રસીકરણ પ્રોગ્રામને ખૂબ જ ઉપયોગી નિર્ણય તેવા અગત્યના ચાર કે મેસેજ દરેક રસીકરણ કરાવતી વખતે માતાને સમજાવવા માટે આશા બહેનોને માહિતગાર કરવામાં આવ્યો તેમ જ કેવી રીતે રજીસ્ટન્સ લાભાર્થી સાથે વર્તન પરિવર્તનની વ્યવહાર મા મા પરિવર્તન લાવવું તેમ જ ૧૦૮ મોબાઈલ

એપ્લિકેશન ઉપયોગ થાય તે માટે સેન્સીટાઈઝેશન કરવામાં આવ્યું હતું.

બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ અને કોમર્સ દ્વારા વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૩

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ સાયન્સ અને કોમર્સના ફાઈનલ યર વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિદાય સમારંભમાં સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા દ્વારા એમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમને શુભેછા પાઠવવામાં આવી હતી તેમજ સંસ્થાના પ્રિન્સિપાલ રાજપ્રિયા પટેલ દવારા તેમને સર્ટિફિકેટ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

જન્મદિને વધામણી

અરૂણભાઈ બુચ
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહામંડળ
ફોન : ૨૩૨ ૬૦૩૭૦

નારણભાઈ ચુડાસમા
મો. ૯૭૨૬૯ ૮૨૪૯૧

પાર્થ પટેલ
રાધે રાધે ગ્રુપ

આદિલહુસેન આઈ સૈયદ

કિઆન વાંકાણી

હરિત પટેલ
રાધે રાધે ગ્રુપ

વિઠ્ઠલભાઈ જે પરમાર
મો. ૯૩૭૪૬ ૯૬૮૦૮

કૌશિક પ્રજાપતિ
રાધે રાધે ગ્રુપ

વરૂણ ચિરાગભાઈ વ્યાસ
ફોન : ૯૦૯૯૯ ૦૩૯૪૯

દિપિકાબેન અશેષકુમાર ત્રિવેદી

યશ્વી સંદીપકુમાર વ્યાસ
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯

પટેલ પંથ આશિષભાઈ

પૂનમ બી. શર્મા
મો. ૮૫૧૧૮ ૪૪૦૬૯

ઋત્વા ડી. પ્રજાપતિ
મો. ૮૧૬૦૦ ૫૧૬૦૯

જીવન સાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૩

શ્રી કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી, સેક્ટર- ૧૨, ગાંધીનગર દ્વારા હાલની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી સમાજને ઉપયોગી થાય તે આશયથી જીવન સાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવક, યુવતિઓ ૪૦૦ જેટલા હાજર રહયા હતા અને તેમના વાલીઓ સહિત કુલ ૯૦૦ વ્યક્તિઓ હાજર રહયા હતા. જીવનસાથી કેન્દ્રના કન્વીનર અને તેમની ટીમ, સમાજના હોદ્દેદાર, ટ્રસ્ટી, કારોબારી સભ્યો હાજર રહેલ હતા.

આજે સે-૩/બી ખાતે આનંદ નો ગરબો

ગાંધીનગર, તા.૩

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા તારીખ ૪ ને મંગળવારે સેક્ટર ૩ બી,પ્લોટ નંબર ૨૭૮/૧ શારદાબેન પ્રજાપતિ ના નિવાસસ્થાને આનંદ નો ગરબો રાખેલ છે.સૌને પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઉપાધ્યાય ગજાનન** ઉ.વ.૪૦, વાવોલ
- **સ્વ.ગુમા કિરણ કેવલચંદ** ઉ.વ.૭૩, શિહોલી મોટી
- **સ્વ.દંતાણી નિષ્ઠા ઉમેશભાઈ** ઉ.વ.૦૨, ગાંધીનગર
- **સ્વ.ચૌહાણ જશવંતભાઈ રામાભાઈ** ઉ.વ.૬૪, ગાંધીનગર
- **સ્વ.બારોટ દેવકીબેન નવીનચંદ્ર** ઉ.વ.૭૬, રૂપાલ
- **સ્વ.ઠાકોર દશરથજી પ્રતાપજી** ઉ.વ.૩૭, ફતેપુરા, પેથાપુર
- **સ્વ.ચૌહાણ વિજયાબેન નંદલાલ** ઉ.વ.૭૯, ગાંધીનગર